**_અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. તળાજા._**

**ફોજદારી કેસ નં.–૪૮૨/૨૦૨૬.**

**આંક–૭**

**ફરિયાદી. :– શ્રી સરકાર.**
(તળાજા પો.સ્ટે., એ–પાર્ટ, ગુ.ર., નં.–૫૦૬૭૩/૨૫).

**વિરૂધ્ધ**

**આરોપી. :– હરેશભાઈ ઉર્ફે હરિ ગગજીભાઈ ઉર્ફે ગગાભાઈ હુંબલ.**
ઉ.વ.આ.–૩૭, ધંધો–ડ્રાઈવીંગ,
રહે. આહિર શેરી, ભદ્રાવળ નં.–૩, તા.તળાજા,
જિ.ભાવનગર.

**–: ગુન્હો :–**

**_ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૦(૨), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ અન્વયે._**

---

**–: કમિટલ હુકમ :–**

---

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, ગઈ તા.૭/૯/૨૦૨૫ ના રોજ કલાક:૧૧/૩૦ થી કલાક:૧૫/૦૦ વાગ્યા દરમિયાન, તળાજા તાલુકાના ભદ્રાવળ નં.–૩ થી માઈધારની વચ્ચે નહેરના નાલા પાસે, આરોપી હરેશભાઈ બાબુભાઈ પરમાર, આરોપી સંજયભાઈ હરેશભાઈ પરમાર તથા આ કામના આરોપીએ ફરીયાદીની આડુ મો.સા. ઉભુ રાખી, ફરીયાદીના દિકરા રાહુલને અગાઉ આરોપી હરેશભાઈ પરમારના દિકરા સંજય સાથે ઝઘડો થયેલ હોય અને સંજયને ફરીયાદીના દિકરા રાહુલે માર મારેલ હોય, જેના દવાખાનાનો ખર્ચ રૂ.૧,૫૦,૦૦૦/– લેવા સારૂ આ કામના આરોપીઓએ ગાળો આપી, ફરીયાદીને આરોપી હરેશભાઈ બાબુભાઈ પરમાર તથા આરોપી સંજયભાઈ હરેશભાઈ પરમારનાએ

મો.સા. ઉપર બેસાડી, અપહરણ કરી, લઇ જઇ, આરોપી હરેશભાઇ પરમારે તલવાર તથા આરોપી રમેશભાઇ પરમારે ફરીયાદીને છરી બતાવી, મારી નાંખવાની ધમકી આપી, ધોલ–થપાટનો માર મારી, એકબીજાના મેળાપીપણામાં ડી.એમ.સા. શ્રી–ભાવનગરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, ગુનો કર્યાની ફરીયાદ ફરીયાદીએ તળાજા પો.સ્ટે.માં દાખલ કરાવતા, ફરીયાદ એ–પાર્ટ, ગુ.ર., નં.–૫૦૬૭૩/૨૦૨૫ થી રજિસ્ટરે લઇ, ત.ક.અ. ધ્વારા જરૂરી તપાસ કરી, તપાસના કામે સાહેદોના નિવેદન નોંધીને તપાસને અંતે, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૦(૨), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનું ચાજશીટ અત્રેની અદાલતમાં રજુ કરતા, તેને ફોજદારી રજિસ્ટરે લઇ, ફોજદારી કેસ નં.–૪૮૨/૨૦૨૬ આપવામાં આવેલ.

(૨) તે બાદ, આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતા, તેઓને વિના મુલ્યે પોલીસ–પેપર્સની નકલો પૂરી પાડયા બાદ, આરોપી સામેના ગુનાનો પ્રકાર જોતા, ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૦(૨), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાનો ગંભીર આરોપ હોઇ, સદરહું ગુનાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર નામ. સેશન્સ કોર્ટને હોઇ, આરોપી નામ. સેશન્સ કોર્ટમાં સરકારી વકીલ રોકીને બચાવ કરવા માંગે છે કે, ખાનગી વકીલ રોકીને બચાવ કરવા માંગે છે ? તે માટે આંક–૪ થી પ્લી નોંધતા, આરોપીએ સ્વ–ખર્ચે ખાનગી વકીલ રોકીને બચાવ કરવાનું જાહેર કરેલ તેમજ આરોપીના જામીનદારે પણ આંક–૬ થી નામ. સેશન્સ કોર્ટમાં જામીનદાર તરીકે ચાલુ રહેવાનું પુરસીસથી જાહેર કરેલ છે.

(૩) આમ, આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુનાનો પ્રકાર જોતા, ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૦(૨), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના ગંભીર પ્રકારના ગુનાનો આરોપ છે તેમજ સદર ગુનાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર નામ. સેશન્સ કોર્ટને હોવાથી સદર કેસ નામ. સેશન્સ કોર્ટમાં ભારતીય

નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૨ મુજબ કમિટ કરવાનું ન્યાયોચિત જણાતુ હોઇ, નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

**૧.** તળાજા કોર્ટના ફોજદારી કેસ નં.–૪૮૨/૨૦૨૬, તે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૦(૨), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર નામ. સેશન્સ કોર્ટને હોઇ, સદર કેસ તથા કેસનું તમામ પ્રોસીડિંગ્ઝ તેમજ કેસનો તમામ મુદ્ધામાલ કમિટ કેલેન્ડર તૈયાર કરી, મુદ્ધામ માણસ સાથે નામ. સેશન્સ કોર્ટ–તળાજાને મુદ્ધત તા.૨૦/૭/૨૦૨૬ના રોજ કે, તે પહેલા તૈયાર કરીને મોકલી આપવા આથી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૨ અન્વયે, હુકમ કરવામાં આવે છે.

**૨.** સદર હુકમની જાણ આસી. ગવર્નમેન્ટ પ્લીડરશ્રી–ભાવનગરને કરવી.

**૩.** આરોપી સામેનો હાલનો કેસ હવે પછી નામ. સેશન્સ કોર્ટ–તળાજા ખાતે ચાલનાર હોવાની રૂબરૂ સમજ કરી.

હુકમ આજ તારીખ–૧૭, માહે–જુન, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ :–તળાજા.

**(પ્રદિપકુમાર બંસીલાલ સોની)**
અધિક ચીફ જ્યુડિ.મેજિ.–તળાજા.
(કોડ નં.–જી.જે.૦૧૩૪૭).

એચ.બી.જોષી.